Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું
અંક ૭-૮
૧૦ મે

વૈશાખ—જેઠ

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
ઇ. સ. ૧૯૬૭

(૧૧૧) मन्दा य फासा बहुलोहणिज्जा, तहप्पगारेसु मणं न कुज्जा ।
रक्खिज्ज कोहं विणएज्ज माणं, मायं न सेवे पयहेज्ज लोहं ॥ ११ ॥

૧૧૧. ઘણીવાર એ અનુકૂળ સ્પર્શોરૂપ વિઘ્નો મંદ હોવા છતાંય ભારે લલચાવનારાં હોય છે; માટે તેવા પ્રકારનાં વિઘ્નો તરફ સાધકે મનને ન જ વાળવું-મનને જવા જ ન દેવું. ક્રોધથી બચતા રહેવું, અહંકારને દૂર કરવો, માયાનો છાંયો પણ ન લેવો અને લોભને તજી જ દેવો.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણુકો બીજો-લેખાંક : ૨૩ | (સ્વ. મૌક્તિક) | ૫૩ |
| ૨ | ધ્યાનનું ગૂઢ રહસ્ય : (લેખાંક ૯) | (દીપચંદ જીવણલાલ શાહ) | ૫૭ |
| ૩ | આગમોના અધ્યયન માટેનું સાહિત્ય | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.) | ૬૨ |


## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને સૂચના

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપનું સંવત ૨૦૨૩ ના કારતક થી આસો માસ સુધીનું લવાજમ રૂ. ૩/૨૫ અંકે રૂ. ત્રણ ને પચીશ પૈસા મનીઓર્ડરથી મોકલી આપવા સૂચના કરી હતી. હજુ સુધી પૈસા આવેલ નથી તો આવતા અંકથી વી. પી. કરવામાં આવશે; તો નકામો રૂા. ૧) નો વી. પી. ખર્ચ થશે. માટે તે રકમ મનીઓર્ડરથી મોકલી આપશો; નહીતર વી.પી. આવેથી સ્વીકારી લેશો એ જ.

મંત્રી : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર

**સ્વર્ગવાસ** :—શેઠશ્રી નાનાભાઈ દીપચંદનું મુંબઈખાતે ફાગણ વદી ૯ ને સોમવાર તા. ૩-૪-૬૭ ના રોજ અવસાન થયેલ છે તે જાણી અમો ઘણા દીલગીરી થયા છીએ. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, સ્વભાવે મીલનસાર હતા. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના.

(અનુસંધાન ટાઈટલ પેજ ૪થી શરૂ)

(૩) પૃ. ૧૨માં કેટલાંક શીર્ષકોમાં થયેલી બે ભૂલનો નિર્દેશ છે.

(૪) દુર્ગપદ વ્યાખ્યા પછી અણુણુાનંદિ યાને લઘુ નન્દિ એ જ વ્યાખ્યાકારની વૃત્તિ સહિત અપાઇ છે. ત્યાર બાદ જોગનન્દિને સ્થાન અપાયું છે. એમાં આવસ્સય તેમજ આવસ્સયવઇરિત્ત વિષે ઉલ્લેખ છે. ત્યાર બાદ ૩૧ ઉક્કાલિય ગ્રન્થોનાં તથા ૩૯ કાલિય ગ્રન્થોનાં નામ અપાયાં છે.

(૫) હારિભદ્રીય વૃત્તિમાંના કેટલાક અવતરણોનાં મૂળ દર્શાવતી વેળા પૃ. ૩ માં "एश्वर्यस्य" શરૂ થતા પદ્યના મૂળ તરીકે વિષ્ણુપુરાણ (૬, ૫, ૭૪)નો નિર્દેશ છે જ્યારે પૃ. ૬૨માં એ જ ગાથા હોવા છતાં ત્યાં તેમજ દ્વિતીય પરિશિષ્ટમાં પણ મૂળનો નિર્દેશ નથી તો એનું શું કારણ ?

(૬) આ સંપાદન સંપાદક મહાનુભાવે યાકિનીમહત્તરાના ધર્મપુત્ર શ્રી હરિભદ્રસૂરિને [1]૭ પદ્યો પાઇયમાં રચી સમર્પિત કર્યું છે. અંતમાં એમણે પોતાનો પરિચય આપતાં મુનિ અને નિગ્રન્થ તરીકે પોતાને ઓળખાવી ઉપર્યુક્ત સૂરિના ચરણરજ હોવાનું કહ્યું છે.

"અખિલ ભારતીય જૈન સંસ્થા, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ" રાજકોટથી આયાર વગેરે કેટલાક આગમો સ્થાનકવાસી મુનિ ઘાસીલાલજીકૃત છાયા. વૃત્તિ તથા હિન્દી અને ગુજરાતી અનુવાદો સહિત છપાયા છે પરંતુ એ ઉપરઉપરથી પણ જોવાનો સુયોગ મળ્યો નથી એટલે એ સંબંધમાં કશું વિશેષ કહેતો નથી.

લા. દ. વિદ્યામંદિર તરફથી વિસેસાવસ્સયભાસ (ગા. ૧-૧૫૨૮) એના સ્વોપજ્ઞ ભાષ્ય સહિત ગયે વર્ષે છપાવાયું છે. સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે. આ ભેટ મળેલા પુસ્તકની નોંધ મારા હવે પછીના સૂચીપત્રમાં લેવાશે.

૧ આનો ગુજરાતી અનુવાદ તેના પ્રણેતાએ આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું | વૈશાખ–જેઠ | વીર સં. ૨૪૯૩
અંક ૬–૭ | | વિક્રમ સં. ૨૦૨૩


## શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૩ જો : : લેખાંક : ૨૩

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

૬. હવે પંદર કર્માદાનમાં પાંચ પ્રકારના વેપારનો સમાવેશ થાય છે. હાથીનાં દાંતનો વેપાર કરવો, તેના ચૂડા ચૂડી બનાવવા, તેના બલોયાં કરવાં અને એવો મણિયારાનો ધંધો કરવો તે સર્વ આ દંત વાણિજ્યમાં સમાવેશ થાય છે. દાંત મેળવવા માટે હાથીને મોટું ક્ષત કરવામાં આવે છે અને કોઇ કોઈ વખત તો મારી નાખવામાં પણ આવે છે. જેમાં જરા સરખી હિંસા થાય અથવા થવાનો સંભવ હોય તેવું કોઇ પણ કામ ગૃહસ્થ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને કરનારને સારાં ગણે નહિ, એ મૂળ મુદ્દો આ વાણિજ્યને અંગે પણ લક્ષ્યમાં રાખવાનો છે. આ રીતે પ્રથમ વ્યાપાર હાથીદાંતનો ત્યાગ કરવા યોગ્ય છે એ આ પ્રથમ વાણિજ્યમાં ઉપદેશ્યું અને અમલમાં મૂક્યું.

૭. પંદર કર્માદાનમાં બીજે નંબરે લખ-વાણિજ્ય આવે છે. એમાં લાખ, ગળી, મણશીલ, હરતાળ, ટંકણખાર, સાજીખાર, સાબુ અને ખારાનો સમાવેશ થાય છે. એ સર્વ વસ્તુ કે એવી સર્વ વસ્તુથી અનેક જીવનો ઘાત થાય છે તેથી ગૃહસ્થ એવો વેપાર ન કરે. આ લખવાણિજ્યનો વેપાર વર્ધમાને પોતાના આખા જીવનમાં કરાવ્યો નહિ અને પોતે જાતે કર્યો પણ નહિ. એમણે જે અહિંસા પાળી તે અનુકરણીય હતી અને આ પ્રવૃત્તિકાળમાં તો જરૂર વિચારવા યોગ્ય છે. વેપાર કરવાથી ગૃહસ્થ ધર્મ જતો નથી, પણ અમુક પ્રકારના ત્યાજ્ય વેપાર કરવાથી તેના ક્રય વિક્રય કે સંગ્રહને અંગે અનેક જીવનો વધ થાય છે. ગૃહસ્થ એવો ધંધો ન કરે એ ફરમાન છે.

૮. અને આ વેપારની ચીજોમાં ત્રીજે નંબરે રસવાણિજ્ય આવે છે. દારૂ, દારૂનાં અંગો, મધ, માંસ, માખણ, દૂધ, ઘી, તેલ વગેરે રસોનો વેપાર શ્રાવક કરે નહિ. એ ચીજો પડી રહે તો પણ તેમાં અનેક જીવો ઉપજે અને મરે છે તેથી કોઇ પણ આવા પ્રકારના રસનો વેપાર ગૃહસ્થ કરે નહિ. વાત એ છે કે જીવોત્પત્તિ થાય, તેવું કામ ગૃહસ્થ જૈન કરે નહિ. મહાવીરસ્વામીએ એવું કોઇ પણ રસોત્પત્તિ કે રસના વેચાણનું કામ આખા જીવનમાં કર્યું નહિ અને બીજા પાસે કરાવ્યું નહિ. આ જીવોત્પત્તિના રસ વાણિજ્યની વાત આ યુગમાં બેસે તેમ નથી. આપણા અનેક લોકો ઘી, તેલનો વેપાર કરે છે અને આ 'પ્રોહિબિશન'ના યુગમાં તો દારૂ કે તેનાં અંગોનો વેપાર ન જ કરવો ઘટે. આ સર્વ કર્માદાનના વેપાર છે અને તે વ્રતધારી શ્રાવકને તો કરવા ન જ ઘટે એમ સમજવું. વર્ધમાને આવા કોઇ ધંધા કર્યા કે કરાવ્યા નહિ અને એવો ધંધો કરનારને સારા ગણ્યા નહિ કે તેમને કોઇ પ્રકારનું ઉત્તેજન આપ્યું નહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી હિંસા કે તેના પ્રસંગથી તેઓ દૂર રહ્યા અને એવા કોઈ કામને તેમણે ગૃહસ્થદશામાં પણ ઉત્તેજન ન આપ્યું.

૯. અને નવમા કર્માદાન–ચોથો વેપાર તે કેશવાણિજ્યનો છે. એટલે અસલ કાળમાં દાસ–દાસીનો વેપાર ધમધોકાર ચાલતો હતો. દાસ–દાસીઓને ખરીદવા અને તે ધંધામાં નફો કરી તેમને વેચવા અને માણસોને પણ એક વેચવાની વસ્તુ જ સમજવી, તથા ગાય, અશ્વ, પોપટ, મેનાને વેચવાનો ધંધો કરવો એ સર્વનો સમાવેશ આ કેશ વાણિજ્યમાં થાય છે. પછી તો માણસ કે જનાવરના ખોટા વખાણ કરવા માટે, ન હોય તેવા ગુણ તેનામાં છે એવી એવી પ્રશંસા કરવી પડે અને પોપટ, મેનાને સારૂં બોલતાં શીખવવું પડે અને ઘોડાનાં તથા ગાયનાં પૂંછડાંને કાપવા પડે, તેમને દુઃખ થાય તે જોવું પડે અને તેમને રાખવાના તબેલા બાંધવા બંધાવવા પડે. નિર્દય હૃદયમાંથી જ આ ભાવ નીકળે છે, એને મનુષ્ય કે જનાવર પીડા પામતાં જોઈ દયા ન આવે અને એ તો દુનિયા એમ જ ચાલે છે એમ માને અને તેના સોદા કરતી વખત પોતાનો લાભ જ જુએ. તેથી આ નિર્ઘૃણ વ્યાપાર ન કરવાનું ફરમાન શાસ્ત્રમાં કહ્યું છે. મહાવીરે એવો કોઈપણ પ્રકારનો ધંધો આજીવન કર્યો કરાવ્યો નહિ એ તેમનામાં વસેલી ઘર કરી ગયેલી પ્રાણી દયા જ મૂળ કારણભૂત છે. આવા વેપાર ગૃહસ્થ શ્રાવક ન જ કરે.

૧૦. અને પાંચમા વેપાર અથવા દશમું કર્માદાન વિષ વાણિજ્યના નામથી ઓળખાય છે. વિષ વાણિજ્યમાં અફીણ, સોમલ, વચ્છનાગ, કોશ–કોદાળી હળ વગેરે શસ્ત્રોનો સમાવેશ થાય છે. આમાં જીવઘાતક અનેક વસ્તુનો સમાવેશ થાય છે. ઉત્તમ વિવેકી સજ્જનો આવો જીવઘાતને લાવે તેવો કોઈ વેપાર કરે નહિ. આ વિષના વેપારને અંગે ગૃહસ્થે ઘણો વિચાર કરવાનો છે. કેટલેક સ્થાનકે આવા લોકો અફીણનો ઈજારો લેતા જોવામાં આવે છે. તે પણ વિષનો વેપાર જ છે અને જેનાથી જીવવધની સંભાવના હોય તેવો વેપાર પણ ગૃહસ્થથી થઈ શકે નહિ. મહાવીરસ્વામીએ–વર્દ્ધમાનકુમારે આવો કોઈ ધંધો કર્યો નહિ એટલું જ નહિ પણ તેના ઇજારા આપી એ વેપારને ઉત્તેજન પણ આપ્યું નહિ. આવા ખાતાને પણ પોતાના હાથ નીચે રાખ્યું નહિ અને કોઈ પ્રકારના આવી ઝેર ભરેલી ઘાતક વસ્તુના ઈજારા પણ આપ્યા નહિ. આ દશ પ્રકારનાં કર્માદાન થયા. હવે આપણે આ વર્દ્ધમાનના ગૃહસ્થ જીવનને અંગે બાકીના કર્માદાનો વિચારી જઇએ.

૧૧. પાંચ કર્મ, પાંચ વાણિજ્ય અને પાંચ સામાન્ય. એ રીતે પંદર કર્માદાનો થાય છે અને તે સર્વ જીવહિંસાથી ભરેલાં હોઈ ખૂબ વિચારણા માંગે છે. આ પાંચ સામાન્ય કર્મો પૈકી પ્રથમ યંત્રપીલણ કર્મ આવે છે, તે અગિયારમું કર્માદાન છે. યંત્ર પીલાતું હોય તેમાં તો અનેક ત્રસ જીવોનો ઘાણ નીકળી જાય, ઘાંચીઘાણીનો એમાં સમાવેશ થાય અને તે ઉપરાંત તેમાં ઉખળ, મૂશળ, ઘંટી પ્રમુખ અનેક ચીજોનો સમાવેશ થાય અને આ યાંત્રિક યુગમાં અનેક યંત્રો તેમાં આવે તે સર્વનો સમાવેશ થાય. મહાવીરના જીવે તો કોઈ પ્રકારના યંત્રના કાર્યો કર્યાં કે કરાવ્યાં નહિ, એમણે ઘંટીનો ત્યાગ કર્યો અને ઘંટી ચલાવવા કોઇને પ્રેરણા કરી જ નહિ. એમના યુગમાં મળતાં કોઈ પણ યંત્રનો તેમણે ઉપયોગ કર્યો નહિ અને આવાં અનેક જીવો આવી પડે તેવાં કાર્યથી તે દૂર રહ્યા અને કોઈ એવાં યંત્રો ચલાવતાં હોય તેને સારાં પણ જાણ્યાં નહિ. આ રીતે પંદર કર્માદાન પૈકી આ અગિયારમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્માદાનનો પ્રસંગ તેમણે તદ્દન વર્જ્યો અને પોતે નક્કી કરેલી જીવદયા પાળી, એ અનુકરણીય હકીકત છે.

૧૨. આ કર્માદાનોમાં જીવદયાનો સવાલ મુખ્યપણે વર્તે છે એ ગૃહસ્થે ખાસ ધ્યાનમાં રાખવાનું છે અને તે જીવદયાની બાબત કેટલી મુખ્ય રહી છે તે હવે બાકીના કર્માદાનોમાં પણ જોશું. અત્યાર સુધી જોવામાં આવ્યું હશે કે જીવદયાનો સવાલને લઇને જ આ કર્માદાનો ન કરવાનો ઉપદેશ આપ્યો જણાય છે. મુખ્ય અંગો વિચારી આ મુદ્દા પર આવશું, પણ હાલ પણ તે મુદ્દો લક્ષ્યમાં રહે તેથી અત્ર તે પર ધ્યાન ખેંચવામાં આવ્યું છે. મહાવીરસ્વામીના જીવે પોતે રાજકાર્યમાં ભાગ લેવા હોવા છતાં આવાં જીવહિંસાના કાર્યથી દૂર રહ્યા એટલું જ નહિ પણ બીજાઓ પાસે તેવાં કાર્ય કરાવ્યાં પણ નહિ અને તેવા કરવાની કોઇને પ્રેરણા પણ કરી નહિ. રાજકારણમાં પડનારને આ વધારે મુશ્કેલ બને છે તે રાજકારણનો સહજ ખ્યાલ કરનાર પણ તરતમાં ખ્યાલમાં લઇ શકશે. બીજાં આ સામાન્ય કૃત્યમાં બારમા કર્માદાન તરીકે નિર્લાંછન કર્મ આવે છે. ગાયના નાકમાં કાપ મૂકવો, ઘોડાની ખાંસી કરવી, બળદના નાક કાપવા તથા કૂતરાની ખાંસી કરવી તે વગેરે કોઈપણ જનાવરને દુઃખ થાય, પીડા પામે તેવાં કામને નિર્લાંછન કર્મ નામનું બીજું સામાન્ય કામ કહેવામાં આવ્યું છે. મનુષ્યો તો પોતાની સગવડ માટે આવાં કામ કરે છે કે કરાવે છે, પણ તેથી પ્રાણીને બહુ પીડા થાય છે અને પ્રાણી વધ કરતાં પણ આ દુઃખ આકરૂં લાગે છે. ઘોડાને ખાંસી કરતાં કે તેનું પુરૂષત્વ રદ કરતાં તેને દિવસો સુધી કેવી પીડા થાય છે તેનો ખ્યાલ કરવાથી આ હકીકતનું મહત્વ સમજવામાં આવશે. જનાવર અવાચક છે, તે પોતાને થતું દુઃખ ગાઈ બોલી શકતું નથી, પણ તેને થતી પીડા દેખાઈ આવે છે. આવા ખાંસી કૃત્યના કે જનાવરનાં કોઈપણ અંગને દૂર કરવાનો ઉપદેશ મહાવીરે કોઇને આપ્યો નહિ અને પોતે જાતે કર્યો નહિ.

૧૩. ત્રીજું સામાન્ય કૃત્ય અથવા તેરમું કર્માદાન દવ્વગી દાવણીયા. વનમાં સારૂં ઘાસ થાય તેવી આવકના વિચારથી વનના માલેકો જૂના ઘાસને દીવાસળી મૂકે છે, બાળીને જૂના ઘાસને તથા ઝાડને સળગાવી મૂકે છે અને તે કૃત્ય કરે છે ત્યારે અનેક નિર્દોષ જીવો એ વનદાહમાં આવી જઇને બળી જાય છે. ભારતમાં મોટાં મોટાં વનો માઇલો સુધી હતા અને વધારે આવક કરવાનો હેતુ હોઈ તેને આખું ને આખું બાળી મૂકતા, એનો મુદ્દો વધારે આવક અને ઉત્પન્ન કરવાનો હતો. આથી જંગલમાં મોટો દાવ લાગે છે, પ્રાણી જ્યાં જાય ત્યાં જંગલ બળતું હોય છે. અનેક નિર્દોષ પંચેન્દ્રિય પશુ-પક્ષીઓ એ વનદવનો ભોગ થઈ જાય છે, તેઓ દવમાં બળી મરે છે અને તેઓ ભાગે તે સર્વ દિશામાં દવ તો બળતો જ હોય છે. આવા અનેક મહાવધનું કારણ હોવાથી આ વનદવ કર્મ તે પણ ત્યાજ્ય ગણવામાં આવ્યું છે અને તે વખતે જનાવર કે પક્ષીને થતો ત્રાસ તો નજરે જોવાથી જ માલૂમ પડે તેમ અથવા ખ્યાલમાં આવે તેમ છે. રાજ્યકર્તા તરીકે મહાવીરે આ વનદવનું કાર્ય કર્યું કે અન્ય પાસે કરાવ્યું નહિ અને કોઈએ કર્યું હોય તો તેને તેમણે કદી ઠીક ધાર્યું નહિ.

૧૫. ચોથા સામાન્ય કૃત્ય અથવા ચૌદમા કર્માદાનનું નામ સરદહ તળાવ શોષણીઆ કહેવાય છે. સરોવર તે પાણી એકઠું કરવાની જગ્યા છે અને તે ખૂબ મોટી હોય ત્યારે તેને દ્રહ કહેવામાં આવે છે. તળાવ પ્રસિદ્ધ છે પણ તે અત્યંત નાનું હોય છે અને કૃત્રિમ હોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સરોવર સાથે ભળી જતું નથી. આવા કોઈપણ સરોવર–દ્રહ કે તળાવને સુકાવી નાખવાથી તેમાં રહેલ અનેક જળચર જીવોનો સંહાર થઇ જાય છે. મોટા સરોવર કે દ્રહમાં તો મોટાં માછલાં અને અનેક મગરમચ્છો હોય છે અને તે ઉપરાંત પાર વગરનાં જળચર જીવો હોય છે. આમાં અનેક મોટા–નાના જીવની હિંસા થાય છે, પણ સ્વચ્છંદી લોકો સારૂં પાણી તે સરોવર દ્રહ કે તળાવમાં આવે તે માટે વર્ષાદ પહેલાં તેને આશાએ સૂકવી નાખે છે, તેમાં અનેક જીવોનો ઘાત થઈ જાય છે, કારણકે જળમાં રહેનાર જીવો જળને અભાવે જીવી જ શકતા નથી. આ સરોવરાદિ સૂકાવવાનું કાર્ય કરવાનો પહેલાં તો ધંધો જ ચાલતો હતો. મહાવીરે પોતે એ ધંધો કર્યો નહિ, તેમ જ બીજા પાસે કરાવ્યો નહિ અને એવું કામ કરનારે એ ઠીક કર્યું છે એવી વાત પોતે રાજકારણમાં રસ લેતા હોવા છતાં કદી કરી નહિ.

૧૫. છેલ્લું પાંચમું સામાન્ય કાર્ય અથવા પંદરમું કર્માદાન અસતીપોષણુના નામથી ઓળખાય છે. તે યુગમાં દાસ--દાસીઓને અગાઉ જણાવ્યું તેમ એક લેવા–વેચવાની ચીજ તરીકે ધારીને તેનો વેપાર ચાલતો હતો. તેમ જ પોતાને ઘેર મેના, પોપટને પાંજરામાં રાખવાં તે અસતીપોષણુ છે. કોઈપણ જાતના જાનવરને પાંજરામાં રાખવાં, વાઘ, સિંહ, વરુ, સુઅરને પૂરવા કે જાહેરમાં તેમને બતાવવાં તે સર્વ જંગલમાં ફરનાર પશુ પક્ષીને કેદ કરવા જેવું છે. આવા દાસ દાસીઓ જે પાપ કરે તેની વૃદ્ધિ કરવાના પોતે કારણિક થાય તેથી આવાં પાપો તે અંગે પણ જીવદયા ઓછી થઈ જાય, તેથી ગૃહસ્થે જનાવર કે પક્ષીને પાંજરામાં નાખી તેનો જાહેર કે ઘરમાં દેખાવ કરવો ન જોઇએ. મહાવીરસ્વામીએ આ અસતી પોષણનું એકપણ કામ આખા જીવનમાં કર્યું કરાવ્યું કે અનુમોદ્યું નહિ, અત્યારે શોખથી પોપટ ઘરમાં પાંજરે રંગાવાય છે અને એની પાસે કંઈક વાતો બોલાવાય છે તે તેની હવામાં કે જંગલમાં ફરવાની સ્વતંત્રતા લૂંટી લેવા જેઈએની લાગણીને અંગે એક પ્રકારની જીવ હિંસા કરવા જેવું છે તેવું કાર્ય ગૃહસ્થે કરવું ન જોઇએ. મહાવીરના જીવે તો પોતે રાજકારણમાં રસ લેતા હતા છતાં આવાં અસતી કાર્યમાં ભાગ ન લીધો અને બીજા પાસે લેવરાવ્યો પણ નહિ. તેમજ કોટવાલ, ફોજદાર કે એવા કોઇપણ ખાતાને પોતે સંભાળ્યું નહિ અને તેને અંગે ખટકર્મ કોઈ જાતનું કર્યું નહિ.

આવી રીતે સાતમા વ્રત ( બીજા ગુણવ્રત ) ને વર્ધમાને પાળ્યું અને તે અનુકરણીય હોવાથી લંબાણ વિવેચન કર્યું છે. આ સર્વ પંદર કર્માદાનોને અંગે જીવદયાનો પ્રશ્ન મુખ્ય છે અને એ સાતમું વ્રત પણ જીવદયાના રક્ષણ અંગે જ પાળવાનું છે. કોઇ પણ કર્માદાનનો વિચાર કરીએ તો તેમાં રહેલી હિંસાનો ખરો ખર ખ્યાલ થાય છે અને તેનું ત્યાજ્યપણું પણ જીવહિંસાને અંગે જ કહેલું છે. કોઈમાં દયાનો સવાલ છે અને કોઇમાં લાગણી દ્વારા થતી જીવ હિંસાનો સવાલ છે એ કોઇપણ કર્માદાનને અંગે જોવામાં આવશે.

હવે આપણે ત્રીજા ગુણવ્રતનો અથવા આઠમા અનર્થદંડવ્રતની મહાવીરે કેવી રીતે પાલના કરી તે વિચારીએ. આ અનર્થદંડ, કોઈ જાતનો લાભ ન થાય તેને અંગે થતાં કાર્યોએ મુખ્યપણે વિચારે છે. અર્થસરે નહિ અને હસવા બોલવાને અંગે થતાં કર્મવિષયને અનર્થદંડ કહેવામાં આવે છે તે પણ ખૂબ સમજવા અને વિચારવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાનનું ગૂઢ રહસ્ય (૯)

—દીપચંદ જીવણલાલ શાહ

**જપ અને ધ્યાનને ઉપયોગી સાધન : ભાવના**

સંસારના આકર્ષણને ઘટાડવા ભાવના માટે અનિત્યાદિ બાર ભાવનાઓ અને ચિત્તના દોષોને ટાળવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ મુમુક્ષુએ રોજ ભાવવી જરૂરી છે. આ ભાવનાઓનો લાંબા કાળ સુધીના અભ્યાસથી ચિત્ત નિર્મળ અને પ્રસન્ન બની એકાગ્ર થાય છે અને આત્મામાં આત્મજ્ઞાનની યોગ્યતા પ્રકટે છે.

શૌચ બે પ્રકારનું છે: એક બાહ્ય અને બીજું અભ્યંતર. પાણી વગેરેથી શરીરને સાફ કરવું તે બાહ્ય શૌચ છે અને ઉપરની સોળ ભાવનાઓવડે ચિત્તને સ્વચ્છ કરવું તે અભ્યંતર શૌચ છે.

ચિત્તની ઇર્ષ્યા અને અસૂયા દૂર કરવા પ્રમોદભાવના છે; ધૃણા, તિરસ્કાર, અસંતોષ દૂર કરવા કરુણાભાવના છે; ક્રોધ કે રોષની વૃત્તિઓને દૂર કરવા ઉપેક્ષાભાવના છે અને વેર વૃત્તિને દૂર કરવા મૈત્રીભાવના છે.

ચિત્ત સ્વસ્થ, પ્રસન્ન અને સ્થિર થતું જાય એ લોકોત્તર ધર્મની આરાધના થઈ રહ્યાની નિશાની છે.

મન (ચિત્ત) આત્માની નજીક વસ્તુ છે. મનને યોગ્ય માર્ગે ગમન કરાવવા માટે અને અયોગ્ય માર્ગેથી પાછું વાળવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવના અને અનિત્યાદિ બાર ભાવના (વિચારણા)થી મનને સંસ્કારવાળુ કરવાની જરૂર છે, માટે સાધકે (જપ કરનારે અથવા ધ્યાન કરનારે) સુતાં પહેલાં આ સોળ ભાવનાઓની વિચારણા કરવી જરૂરની છે. શુભ વિચારોથી અશુભ વિચારો દૂર કરી શકાય છે. મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ જપ અથવા ધ્યાનને પોષણ આપે છે. આ ચાર ભાવનાઓથી પ્રેમ, ગુણાનુરાગ, દયા અને સહનશીલતા વગેરે ગુણો પ્રગટ થાય છે. ચિત્ત નિર્મળ બને છે અને કષાયો શાંત થાય છે. મૈત્ર્યાદિ ચાર ભાવનાનું રહસ્ય નીચેની કડીઓમાં જણાવવામાં આવે છે.

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું,
મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકળ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે.

(શ્રી વર્દ્ધમાન-મહાવીર : પેજ ૫૬ થી ચાલુ)

૮. ત્રીજું ગુણવ્રત અથવા આઠમું વ્રત તે અનર્થદંડ છે. પોતાના સ્વજન તથા કુટુંબ વગેરે પોતા પર આધાર રાખનારનું પેટ પાપે કરીને ભરાય છે તે અર્થ દંડ છે અને તે સિવાય જે કાંઇ પાપથી કાર્ય થાય તે સર્વ અનર્થદંડ છે. આ વ્યાખ્યા આ આઠમા વ્રતને અંગે ખૂબ ધ્યાનમાં રાખવાની છે. આ અનર્થદંડમાં નાટક સિનેમા જોવો, કોઇને પાપ કરવાની સલાહ આપવી, નકામુ હસવું, ખડખડ દાંત કાઢવાં કે અનેક ભવમાં કરેલાં અને નહિ વોસરાવેલાં પાપનાં સાધનો જેવાં કે ઘંટી, દાંતડીયું, હળ કે સંચાકામ એનાથી થતાં પાપોનું પાપ લાગ્યા કરે છે, આવ્યાં કરે છે, પહોંચ્યા કરે છે એ સર્વ અનર્થ દંડ હોઈ તે જરા વિસ્તારથી સમજવા યોગ્ય છે. એના વિસ્તારમાં ચાર પ્રકાર શાસ્ત્રકારે બતાવ્યા છે. અપધ્યાન, પાપોપદેશ, હિંસાપ્રદાન અને ચોથો વિભાગ તે પ્રમાદાચરિત આ ચારે વિભાગને આપણે વિગતથી સમજી આ નિરર્થક થતા પાપને વારીએ. [ક્રમશઃ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારૂં નૃત્ય કરે;
એ સંતોના ચરણુકમળમાં,
મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન ક્ષીણુ અને ધર્મ વિહોણા,
દેખી દીલમાં દર્દ રહે;
કરુણા ભીની આંખોમાંથી,
અશ્રુનો શુભ શ્રોત વહે.
માર્ગ ભુલેલા જીવન પથિકને,
માર્ગ ચિંધવા ઉભો રહું;
કરે ઉપેક્ષા એ માર્ગની,
તો યે સમતા ચિત્ત ધરૂં.
( ચિત્રભાનુ )

હે દેવ, મારો આત્મા નિરંતર જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને, ગુણવાન આત્મા પ્રત્યે પ્રમોદભાવને, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવને અને પાપી જીવો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરો એમ પ્રાર્થના કરૂં છું.

રસકૂંપી રસ ભાવીઓ,
લોહ થકી હોય હેમ;
જીઉ ઇણ ભાવના શુદ્ધ હુયે,
પરમ રૂપ લહે તેમ.

અર્થઃ-રસકુંપિકાના રસથી ભાવિત કરેલું લોહ જેમ સુવર્ણપણાને પામે છે તેમ જીવ (આત્મા) પણ મૈત્ર્યાદિ ચાર ભાવનાથી અને અનિત્યાદિ બાર ભાવનાથી ભાવિત થયો સતો શુદ્ધ થાય છે અને પરમાત્મપણાને પામે છે.
ભાવ વિના દાનાદિકા, જાણો અલુણો ધાન;
ભાવ રસાંગ મળ્યા પછી, ત્રુટે કર્મ નિદાન.

(૧) મૈત્રીભાવના :—કર્મની વિચિત્રતાને લીધે જુદી જુદી ગતિ પામેલા ત્રણે લોકના પ્રાણીઓ તરફ તું મૈત્રી-મિત્રતાની ચિંતવના કર. સર્વ જીવો તારા બંધુઓ છે, તારો કોઈ દુશ્મન નથી. નકામા કંકાસને વશ થઇને તારા મનને સંતાપમય કર નહિ, કોઇ જીવ પોતાના કર્મને પરાધીન થઇને તારા ઉપર કોપ કરે તો શું તારે તેના પર ક્રોધ કરવો ઉચીત છે?

(૨) પ્રમોદભાવનાઃ-પરના ગુણોનું સ્મરણ કરી તેમાં આનંદ માનવો અને તેનું નિરંતર ચિંતવન કરવું તેને જીવનનું સારતત્ત્વ ગણીને તારા જીવનને સફળ કર.

જિહ્વા ડાહી થઇને
ગુણીના ગુણનું પ્રેમે કરજે ગાન,
અન્ય કીર્તિને સાંભળવાને
સજ્જ થજો હે બન્ને કાન;
પ્રૌઢલક્ષ્મી બીજાની નીરખી
નેત્રો તુમ નવ ધરજો રોષ,
પ્રમોદભાવના ભાવિત થાશો
તો તુજને મુમથી સંતોષ.
( પં. અમૃતવિજયજી )

મનને વિશાળ કરનાર, આદર્શને નિર્મળ કરનાર, સદા ઉજ્જવળ બાજુ પર લક્ષ્ય રાખનાર પ્રમોદભાવનામાં શાંત સુધારસની જમાવટ છે અને પ્રગતિ મંદિરનું ખરૂં સોપાન છે. પ્રમોદભાવથી (અન્યના ગુણોની પ્રશંસાથી) પોતાના ગુણો નિર્મળ થાય છે.

(૩) કરૂણાભાવનાઃ-દુઃખીજનોનાં દુઃખ દેખી તેમના દુઃખો દૂર કરવાની લાગણી થવી અથવા પારકાનાં દુઃખોનાં નિવારણનો ઉપાય ચિંતવવો, જે જીવ શોકથી, ત્રાસથી, રોગથી પીડાથી દુઃખિત હોય; ભુખ, તરસ, થાકથી પીડિત હોય, ઠંડીથી હેરાન થઈ ગએલ હોય એવા પ્રકારના જીવોના દુઃખમાં તેમના દુઃખનો ઉપાય કરવાની ઇચ્છાપૂર્વક જે બુદ્ધિ તેને કરૂણા કહેવાય છે.

प्राणायथात्मनोऽभीष्टा, भूतानामपि ते तथा
आत्मौ पम्ये न भूतानां, दयां कुर्वन्ति मानवाः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં અનેક પ્રાણીઓ નિરાધાર છે; કેટલાકના માતાપિતા ગુજરી ગયા હોય છે, કેટલાકને રહેવાને ઘર, પહેરવાને વસ્ત્ર, ખાવાને ચીજ પણ હોતી નથી આવા પ્રાણીઓ તરફ દયા બતાવવી એમ આ ભાવનાનો અર્થ છે.

માધ્યસ્થભાવના (ઉપેક્ષાભાવના):–અધર્મી, અપરાધી, પાપી, દુરાચારી જીવો પ્રત્યે ક્રોધ કે તિરસ્કાર કર્યા વિના ઉદાસીનતા સેવવી. આ ભાવનાથી સહનશીલતા આવે છે અને સમતાની વૃદ્ધિ થાય છે. ઉદાસીનતામાં બેદરકારી છતાં અંતરનો ખેદ એ પ્રાધાન્યભાવ હોય છે.

મૈત્ર્યાદિ ચાર ભાવના ઉપરાંત અનિત્યાદિ બાર ભાવનાઓ ચિંતવવા યોગ્ય છે. આ બાર ભાવના નીચે પ્રમાણે છે.

(૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિ, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) ધર્મભાવના, (૧૧) લોકસ્વરૂપ, (૧૨) બોધિ દુર્લભ. આ ભાવનાઓ નીચે પ્રમાણે ભાવવાની જરૂર છે.

(૧) સંસારના સર્વ પદાર્થો પર્યાય દૃષ્ટિથી અનિત્ય છે, (૨) સંસારમાં ધર્મ સિવાય સાચું શરણ નથી, (૩) વિષયકષાયરૂપ સંસાર દુઃખમય છે, (૪) આ આત્મા એકલો જન્મ્યો છે અને તેનું મૃત્યુ થવાનું છે, (૫) આ આત્મા પર પદાર્થોથી જુદો છે, (૬) શરીર અશુચિમય છે, (૭) આશ્રવથી કર્મ બંધાય છે અને સંસાર વધે છે, (૮) સંવરથી કર્મો અટકે છે, (૯) નિર્જરાથી કર્મનો ક્ષય થાય છે, (૧૦) સર્વજ્ઞ ભગવંતોએ પ્રકાશેલ ધર્મ આચરવાલાયક છે, (૧૧) દ્રવ્ય પર્યાયાત્મકલોકનું યથાર્થ સ્વરૂપનું ચિંતવન કરવું, (૧૨) સમ્યક્દર્શનની પ્રાપ્તિ દુર્લભ છે.

(૧) અશરણભાવના:—

આ જગતમાં જે સવારમાં દેખાય છે તે બપોરે દેખાતું નથી અને જે બપોરે દેખાય છે તે સાંજે દેખાતુ નથી. સર્વ મનુષ્યોના શરીર પ્રચંડ પવનથી કંપતા વાદળાં જેવા વિનશ્વર છે, લક્ષ્મી સમુદ્રના મોજા જેવી ચંચળ છે, સબંધો સ્વપ્ન જેવા છે અને યૌવન વંટોળિયાથી ઉડેલા રૂ જેવું છે. વળી સંસારના સર્વ પદાર્થો ક્ષણભંગુર છે, ઘાસની ઉપર રહેલા ઝાકળના બિંદુ જેવા અથવા મેઘધનુષ્યના રંગો જેવા વિજળીના ચમકારા જેવા અને પાણીના પરપોટા જેવા ક્ષણિક છે.

સુંઝમા મુઝમા મોહમાં મુઝમા,
શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે અથિર તું અથિર તનુ જીવિત,
સમજ મન ગગન હરિચાપ પેખી.

( સઝાયદ્રજી )

(૨) અશરણભાવના:—ઇંદ્ર વગેરે પણ મૃત્યુના પંજામાંથી છટકી શકતા નથી. પિતા, માતા, બહેન, ભાઈ, પુત્ર વગેરે હોવા છતાં કર્મ જીવને મૃત્યુને શરણે પહોંચાડે છે. દાવાગ્નિથી બળતા વનમાં જેમ હરણાના બચ્ચાનું કોઈ શરણ નથી તેમ દુઃખરૂપી દાવાગ્નિથી સળગતા સંસારરૂપી વનમાં પ્રાણીનું કોઈ શરણ નથી આવી વિચારણાને અશરણભાવના કહે છે.

કોન વિશરણ કોન વિશરણું,
મરતાં કુણને પ્રાણી રે;
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો,
જસ હયગય બહુ રાણી રે.
માતપિતાદિક ટગમગ જોતાં,
યમ લે જનને તાણી રે;
મરણ થકી સુરપતિ નવિ છૂટે,
નવિ છૂટે ઇંદ્રાણી રે.

( સઝાયદ્રજી )

(૩) સંસારભાવના–આ સંસારરૂપી રંગભૂમિ પર પ્રાણી નટની પેઠે કોઈવાર શેઠ બને છે તો કોઈવાર નોકર બને છે, કોઈવાર ચક્રવર્તી બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તો કોઈવાર ભીખારી બને છે, કોઈવાર દેવ બને છે, તો કોઈવાર ક્ષુદ્ર જંતુ બને છે. આ લોકાકાશમાં વાળની અણી જેટલું પણ કોઈ સ્થાન બાકી નથી કે જ્યાં જીવ પોતાના કર્મોને લીધે ગયો ન હોય.

(૪) એકત્વભાવના:–જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મૃત્યુ પામે છે અને કરેલાં કર્મો પણ એકલો જ ભોગવે છે.

ચોથી ભાવના ભવિયણ મન ધરો,
ચેતન તું એકાકી રે,
આવ્યો તિમ જાઈશ પરભવ વળી,
ઇહાં મૂકી સવિ બાકી રે;
મમકર મમતા રે સમતા આદરો.
આણી ચિત્ત વિવેકો રે,
સ્વારથીયાં સજ્જન સહુએ મળ્યા;
સુખદુઃખ સહેશે એકો રે.
વિત્ત વહેંચણ આવી સહુએ મળ્યાં,
વિપત્તિ સમય જાય નાસી રે;
દવ બળતો દેખી દશ દિશે પુલે,
જેમ પંખી તરૂવાસી રે.
(જયસોમ મુનિ)

કોભીલીના સાધન તેણે,
ઋદ્ધિ ગઈ નવિ સાથે;
નિજ નિજ કરણી લઇ ગયા તે,
ધન વિણુ ઠાલે હાથે.
(સકળચંદ્રજી)

(૫) અન્યત્વભાવના:—હે આત્મા! તું આ જગતના સર્વ જીવોને જુદા સમજ. આ જગતમાં કોઈ કોઇનું નથી. બધા પોતાના કર્મવડે આવી મળ્યા છે અને તેઓ પાછા કર્મવશે છૂટા પડી જવાના છે. આ જગતમાં સર્વ જીવો પોતપોતાના કર્મને વશ છે. તું પોતાના આત્માવડે પોતાની જ ચિંતા કર. બીજાઓની આશા છોડી દે, તેમ બીજાઓની ચિંતા પણ છોડી દે. પર પદાર્થોમાં ઉદાસીનભાવે વિરચતો રહે.

સંવેગી સુંદર! મુંઝ મા બુઝ ગમાર;
તારૂં કો નહીં ઇણ સંસાર,
તું કેહનો નહીં નિરધાર.
(જયસોમમુનિ)

મન વચન તનુ સવે ઇન્દ્રિયા,
જીવથી જૂજુઆ હોય રે,
અપર પરિવાર સબ જીવથી,
તું સદા ચેતના જોય રે.
(સકળચંદ્રજી)

त्यज ममता परिताप निदानं,
पर परिचय परिणामम् ।
भज निःसङ्गतया विशदी कृत-
मनुभव सुख रसमभिरामम् ॥

મમતા અને દ્વેષમાં જેનું મૂળ છે એવા પારકી વસ્તુ સાથેના પરિચયના પરિણામને તું તજી દે અને જાતે અસંગત થઇને અત્યંત નિર્મળ થયેલ મનોહર અનુભવ સુખના રસને ભજ (સેવ). (વિનયવિજયજી)

(૬) અશુચિભાવના:—રસ, લોહી, માંસ, અસ્થિ, મજ્જા, વિષ્ટા જેવી અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ શરીર કેવી રીતે પવિત્ર કહેવાય. તારૂં શરીર બહુ પ્રકારના રોગોથી ભરેલું છે તો પણ આ જીવ શરીરને નિરોગી રાખવા ખાવા યોગ્ય કે ન ખાવા યોગ્ય અનેક પદાર્થોનું ભક્ષણ કરે છે તેમાં વિવેક રાખતો નથી. વળી આ શરીર વિનાશ પામવાના ધર્મવાળુ છે. એ દેહને તારે મૃત્યુને સમયે છોડી દેવું પડે છે. એ શરીર તારૂં થવાનું નથી માટે તેનું અશુચિપણું વિચારી તેના પર મોહ ન રાખતા તારા આત્માના હિતનો વિચાર કર કે જેથી તને મળેલા અમૂલ્ય મનુષ્યભવની કાંઇ સાર્થકતા થાય.

છઠ્ઠી ભાવના મન ધરો,
જીવ અશુચિ ભરીએ કાયા રે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શી માયા રે, માંડે કાચા પિંડશું એ.

( જયસોમમુનિ )

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभि रद्धि-
र्वारंवारं बदमलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयममलाः प्रीतिमित्याश्रयन्ते
नो शुध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम्

મૂઢ પ્રાણીઓ વારંવાર ન્હાઇ ન્હાઇને આ મળથી ભરેલા શરીરને ચોખ્ખા પાણીથી પણ સાફ કરે છે અને પછી એના ઉપર ચંદન-સુખડનાં વિલેપન કરે છે અને પછી પોતે જાણે મેલ વગરનાં થઇ ગયાં છે એમ મનમાં માની રાજી થાય છે; પણ તેઓ કદી શુદ્ધ થતાં નથી. ઉકરડાને તે કેવી રીતે શોધ્યો જાય ? એને કેમ શુદ્ધ કરી શકાય ?

( વિનયવિજયજી )

भावय रे वपुरिदमति मलिनं,
विनयविबोधय मानस नलिनम् ।
पावनमनुचिन्तय विभुमेकं,
परम महोमय मुदित विवेकम् ॥

આ શરીર અતિ મેલવાળું છે એમ હે ચેતન ! વિચાર. તારા મનોમય કમળને ઉઘાડ અને સમજ. ત્યાં જે સર્વવ્યાપી એક પ્રકાશવાન, વિવેકવાન મહા પવિત્ર ( આત્મતત્ત્વ ) છે તેનો વિચાર કર, તેનું ધ્યાન કર.

( વિનયવિજયજી )

(૭) આશ્રવભાવના:—મન, વાણી અને શરીરની શુભ અને અશુભ પ્રવૃત્તિઓથી શુભાશુભ કર્મો આત્મામાં દાખલ થાય તેને આશ્રવ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના કારણે આવેલા કર્મોવડે આત્મા દુઃખી અને હેરાન થાય છે માટે હે જીવ ! તું અશુભ કર્મના આશ્રવોનું સેવન ન કર.

(૮) સંવરભાવના:—કર્મોને અટકાવનારા તત્વોની વિચારણા. ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોકવું, સરળતાથી માયાને રોકવી, સંતોષથી લોભને રોકવો, સંયમથી ઇન્દ્રિયોના વિષયોને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો, શુભધ્યાન (ધર્મધ્યાન)વડે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને રોકવા. વળી સમિતિ, ગુપ્તિ, પરિસહ અને યતિધર્મથી આવતા અશુભ કર્મો અટકાવવા.

(૯) નિર્જરાભાવના:—સંસારના કારણભૂત કર્મોને આત્મા ઉપરથી દૂર કરવા તેને નિર્જરા કહે છે. સંયમી પુરૂષો ઇચ્છાપૂર્વક તપ આદિ ઉપાયોથી કર્મને ખંખેરી નાંખે છે. તેને સકામ નિર્જરા કહે છે. જેમ અશુદ્ધ સોનું અગ્નિવડે શુદ્ધ કરી શકાય છે તેમ તપ રૂપી અગ્નિથી કર્મોને લીધે મલિન થયેલો જીવ શુદ્ધ થાય છે.

બાહ્યતપ કરતાં અભ્યંતરતપ વધારે નિર્જરા કરાવનાર છે.

शमयति तापं गमयति पापं, रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तपइति विगताशंसम् ॥

કોઇ પણ પ્રકારના ફળની ઇચ્છા વગર કરેલું તપ હોય તો તે તાપને શમાવે છે, પાપનો વિનાશ કરે છે, મન હંસને ક્રીડા કરાવે છે અને દુઃખે કરીને જીતી શકાય તેવા આકરા મોહને પણ હરી લે છે. હે વિનય ! તપના મહિમાને સારી રીતે ભાવ.

( વિનયવિજયજી )

(૧૦) ધર્મભાવના:—કેવળજ્ઞાની જિનોએ જે ધર્મ પ્રરૂપ્યો છે તે શુદ્ધધર્મ છે, તેનું શરણ લેનારો જીવ ભવસાગરને તરી જાય છે. સુગંધ વિનાનું ફૂલ, આચાર વગરની કૂલીનતા, વિદ્યા વિનાનું તપસ્વીપણું, નાયક વિનાનું સૈન્ય, દાન વિનાનું ધન, સ્ત્રી વગરનું ઘર અને પ્રતિમા વગરનું મંદિર જેમ શોભતા નથી તેમ ધર્મ વિના મનુષ્ય શોભતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમોના અધ્યયન માટેનું સાહિત્ય

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**પર્યાયો:**–આજ કાલ જૈનો પોતાના મૌલિક-મુખ્ય ધર્મશાસ્ત્રોનો 'આગમ'ના નામથી વ્યવહાર કરે છે પરંતુ સુય [1](શ્રુત) શબ્દ વિશેષ પ્રાચીન જણાય છે. એમ શ્રુતપુરુષ, શ્રુતકેવલી, શ્રુતસ્થવિર, શ્રુતધર, શ્રુતદેવતા શ્રુતસ્કન્ધ, શ્રુતધર્મ [2](સુયધમ્મ) ઈત્યાદિ શબ્દો વિચારતાં ભાસે છે. 'આગમ' શબ્દ આગમ–કુસલ (ઉત્તરજ્ઝયણ), આગમ–વલિય (વિવાહ-પણ્ણત્તિ, સ. ૮, ઉ. ૮) આગમ–વવહાર (વવહાર), વીરાગમ (સંસારદાવા સ્તુતિ, શ્લો, ૩), ઇત્યાદિ શબ્દોમાં નજરે પડે છે. વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્ર (અ. ૧, સ. ૨૦)ના ભાષ્ય (પૃ. ૮૮)માં 'શ્રુત'ના પર્યાયો તરીકે આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્ય, આમ્નાય, પ્રવચન અને જિનવચનનો ઉલ્લેખ કર્યો છે. 'આગમ' એવા અર્થમાં [3]સુત્ત (સૂત્ર) અને સિદ્ધાન્ત એ શબ્દો પણ વપરાય છે. જિનપ્રભસૂરિના એક સ્તોત્રને સિદ્ધાન્તસ્તવ તેમ જ સિદ્ધાન્તાગમસ્તવ પણ કહે છે.

**પ્રણેતાઓ:**–આગમોના પ્રણેતાઓમાં મુખ્ય તો ગણધરો છે. પ્રત્યેક ગણધર દ્વાદશાંગી રચે છે. એને અને કવચિત્ પ્રત્યેક અંગને પણ 'ગણિપિટક' કહે છે. પિટક (પિડગ) શબ્દ બૌદ્ધોના વિનયપિટક ઇત્યાદિ ગ્રન્થોમાં નામમાં જોવાય છે. પ્રત્યેક બુદ્ધો, શ્રુતકેવલીઓ તેમ જ પૂર્વધરોની રચનાઓ પણ 'આગમ' ગણાય છે. આ બાબત શ્વેતાંબરોને તેમજ [1]દિગંબરોને પણ માન્ય છે.

**સંખ્યા:**–મૂર્તિપૂજક શ્વેતાંબરો સામાન્ય રીતે આગમોની સંખ્યા ૪૫ની દર્શાવે છે. જ્યારે સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓ ૩૨ની કહે છે કેમકે એઓ મહાનિસીહ, જીયકાય, પિણ્ડનિજ્જુત્તિ અને દસ પઇણ્ણગોને 'આગમ' ગણતા નથી. કેટલાયે દિગંબરોને મતે આજે એક પણ આગમ ઉપલબ્ધ નથી અને જે

૧ જુઓ **સ્નાતસ્યા–સ્તુતિ** (શ્લો. ૩)

૨ જુઓ **ઠાણ** (ઠા. ૨, ઉ. ૧, પત્ર ૫૨)

૩ આનું સંસ્કૃત રૂપાન્તર 'સૂક્ત' પણ થઈ શકે છે.

૧ જુઓ વટ્ટકેરકૃત **મૂલાચાર** (પ. ૮૦).

(પાના નં. ૬૧થી ચાલુ)

(૧૧) લોક સ્વરૂપ ભાવના:—કેડે હાથ મૂકીને પહોળા પગ રાખીને ઊભેલા પુરુષ જેવી લોકની આકૃતિ છે. લોકના અધો, મધ્યમ અને ઉર્ધ્વ એવા ત્રણ ભાગ છે, નરક ભૂમિ અધોલોકમાં આવેલી છે. દેવલોક ઉર્ધ્વ લોકમાં આવેલો છે. મધ્યમ ભાગમાં મનુષ્યો, તિર્યંચો વગેરે રહે છે. લોક (જગત) કોઇએ બનાવેલ નથી. કપાળપર મુક્ત જીવો રહે છે તેની પાર અલોક છે. લોક સ્વરૂપને જે યથાર્થ રીતે જાણે છે તે આ સંસારના પ્રપંચોમાં નિમગ્ન થાય નહિ અને તેનામાં સંસાર પર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. લોક સ્વરૂપની અંદર ષડ્દ્રવ્યનું સ્વરૂપ આવી જાય છે નવ તત્ત્વોનો બોધ તેમાં સમાઈ જાય છે, અને નવતત્ત્વના યથાર્થ બોધથી સમકિતની પ્રાપ્તિ થાય છે; તેથી જીવ અલ્પ સંસારી બને છે.

(૧૨) બોધિ દુર્લભત્વ ભાવના—આ સંસારમાં તત્ત્વ નિશ્ચયરૂપ બોધિરત્ન (સમ્યક્ત્વ) પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે એમ ચિંતવવું.

[ ક્રમશઃ ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપલબ્ધ છે તે તેમને માન્ય નથી. મોટા ભાગના દિગંબરો સમસ્ત આગમોનો સર્વથા નાશ માને છે, જ્યારે શ્વેતાંબરો બારમા અંગ નામે દિટ્ઠિવાયનો તેમજ કેટલાક આગમોનો સંપૂર્ણ નાશ અને કેટલાક આગમોનો હ્રાસ માને છે, [૨]પઇણ્ણગ (પ્રકીર્ણ) તરીકે ઓળખાવાતા કેટલાક ગ્રન્થો તો એ નામના પ્રાચીન ગ્રન્થો ઉપરથી યોજાયા છે અને એ દશપૂર્વધર જેવાની પણ રચના નથી છતાં કેટલાંક કારણોથી એને મૂર્તિપૂજક શ્વેતાંબરોનો અમુક ભાગ એને 'આગમ' તરીકે ગણે છે. જૈન ગ્રન્થાવલી (પૃ. ૭૨)માં આગમોની સંખ્યા ૮૪ ની દર્શાવી તેનાં નામ અપાયાં છે પરંતુ કેટલાંકને આગમ ગણી ન જ શકાય.

**નામાવલી**:-આગમોનાં નામો ઓછીવત્તી સંખ્યામાં ઠાણ, સમવાય, નન્દી, પક્ખિયસુત્ત, ત. સૂ. (**અ. ૧**, સૂ. ૨૦)નું ભાષ્ય (**પૃ. ૯૦**), **શ્રી ચન્દ્રસૂરિકૃત [૧]સુહબોહાસામાયારી, જિન-પ્રભસૂરિકૃત. [૨]વિહિમગ્ગપવા અને સિદ્ધાન્તા-ગમસ્તવ ઇત્યાદિ શ્વેતાંબરીય ગ્રન્થોમાં તેમજ સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક ઇત્યાદિ દિગંબરીય ગ્રન્થોમાં દૃષ્ટિગોચર થાય છે.**

**વર્ગીકરણો**:-આગમોનાં વિવિધ વર્ગીકરણો મેં A History of the Canonical Literature of the Jainas (ch. II)માં **દર્શાવ્યાં છે. પ્રચલિત વર્ગીકરણ અનુસાર આગમોના નિમ્નલિખિત છ વર્ગો છે**:—

(૧) અંગ, (૨) ઉપાંગ, (૩) છેદસૂત્ર, (૪) મૂલસૂત્ર, (૫) ચૂલિકાસૂત્ર અને (૬) પ્રકીર્ણક.

પ્રકીર્ણક તરીકે ઓળખાવાતા ગ્રન્થોની સંખ્યા ભિન્ન ભિન્ન ગણાવાય છે. મેં સામાન્ય રીતે જે દસ પઇણ્ણગ ગણાવાય છે તે ઉપરાંત અન્ય ૨૮ ની નોંધ [૩]DCGCM (Vol XVII, pt. 3)માં લીધી છે.

યોગવિધાન:-પઇણ્ણગોની સંખ્યા ઉપર પ્રકાશ પાડે છે.

અધ્યયન:-અધ્યયન કહો કે અભ્યાસ કહો તે એક જ છે. એનો સામાન્ય અર્થ 'ભણવુ' થાય છે. અભ્યાસની વિવિધ કક્ષાઓ છે. આગમોના ઊંડા અભ્યાસી બનવાના અભિલાપીએ સૌથી પ્રથમ તો પાઇય (પ્રાકૃત) ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું જોઇએ. ત્યાર બાદ એને લૌકિક સંસ્કૃતના અને આગળ જતાં વૈદિક સંસ્કૃતનો પણ વિશિષ્ટ અભ્યાસ કરવો જોઇએ. અવેસ્તાનો થોડોક પણ અભ્યાસ કરાય તો તે પણ લાભપ્રદ થઈ પડશે. પાઈયનો અભ્યાસ એટલે ખાસ કરીને જૈન મહારાષ્ટ્રી, શૌરસેની અને પાલિ એ ત્રણેનો બોધ. આગમોમાં નિષ્ણાત કહેવડાવનાર સ્વસમયથી તો પરિચિત હોય જ પરંતુ એટલું જ્ઞાન પર્યાપ્ત નથી. પરસમયનો પાકો અભ્યાસ કરાયો હોય તો જ તુલનાત્મક દૃષ્ટિએ વિચારણા થઈ શકે અને કેટલીક આગમિક ગુંચો ઉકેલી શકે. વૈદિક હિન્દુઓના તેમજ બૌદ્ધોના મુખ્ય મૌલિક ધર્મશાસ્ત્રોનો ઉપરચોટિયો અભ્યાસ આગમોના સાંગોપાંગ અભ્યાસ માટે ખાસ ઉપયોગી થઈ ન પડે. આજે તો માતૃભાષા જેમની ગુજરાતી હોય તેને આપણી રાષ્ટ્રભાષાનો તેમજ આંતરરાષ્ટ્રીય ગણાતી અંગ્રેજી ભાષાનો પણ યથેષ્ટ બોધ વ્યાવહારિક કાર્યો સારી રીતે થઈ શકે તે માટે જેમ આવશ્યક છે તેમ આગમોમાં

૨ આ શબ્દ આગમોના જે અંગપ્રવિષ્ટ અને અનંગપ્રવિષ્ટ યાને અંગબાહ્ય એમ બે વર્ગ પડાય છે તેમાંના દ્વિતીય વર્ગગત કેટલાક ગ્રંથો માટે યોજાયો છે.

૧ આની એક હાથપોથી વિ. સં. ૧૩૦૦માં લખાયેલી મળે છે. એના પ્રણેતાએ ન્યાયપ્રવેશક વૃત્તિની પંજિકા વિ. સં. ૧૧૬૯માં રચી છે.

૨ આ વિ. સં. ૧૩૬૩ની રચના છે.

૩ સંપૂર્ણ નામ આગળ ઉપર મેં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારંગત બનવા માટે પણ તેમ જ છે. કેમકે આ ભાષાઓમાં આગમોને અંગે વિવિધ અને વિશિષ્ટ સામગ્રી આજે જે ઉપલબ્ધ છે તેનો લાભ લેવો જોઈએ.

આગમોના પારગામી બનનારને ઇતિહાસની ઉપેક્ષા કરે પાલવે નહિ કેમકે આજે જે આગમો ઉપલબ્ધ છે તે બધા એક જ સમયે રચાયેલા નથી. ટૂંકમાં કહું તો આગમોનું સર્વાંગીણ અધ્યયન તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિની પણ અપેક્ષા રાખે છે. એ ન હોય તો ગતાનુગતિકતા–અંધશ્રદ્ધા પોતાનું પોત પ્રકાશ્યા વિના ન રહે અને તેમ થાય તો સર્વાંગીણ અભ્યાસ જેવું કશું રહે નહિ, પોતાના વિચારોને કસી જોવા માટે વિરોધીઓની વાત પણ સાંભળવી અને વિચારવી જોઇએ અને પોતાની ભૂલ જણાય તો તે સુધારી લેવી જોઇએ. આગમોનો ખરેખરો અને પરિપૂર્ણ અભ્યાસ આ બધી વસ્તુ માંગી લે છે. આવા અભ્યાસી સ્વપરહિત સારી રીતે સાધી શકે, આખરે તો આ અભ્યાસની સાર્થકતા સાવદ્ય (પાપમય) પ્રવૃત્તિઓ ઉપર પૂરેપૂરો કાપ મૂકવામાં અને સમસ્ત નિરવદ્ય આચરણોને આદરપૂર્વક સેવવામાં રહેલી છે. (અન્યને આગમોના વિશિષ્ટ જ્ઞાતા બનાવવા એ તો આ અભ્યાસનું આનુષંગિક ફળ છે). કહ્યું પણ છે ને કે "ज्ञानस्य फलं विरतिः" या विद्या सा विमुक्तये ઇત્યાદિ.

**સાહિત્ય**:-આગમોના અધ્યયન માટે આજે જેટલી બાહ્ય સાધન–સામગ્રી સુલભ છે એટલી પ્રાચીન કાળમાં ન હતી. આ સાધન–સામગ્રી વિવિધ પ્રકારની છે. એમાં મુખ્યતયા નિમ્નલિખિત સાહિત્યનો સમાવેશ થાય છેઃ–

(૧) હાથપોથીઓ (૨) સંપાદનો–પ્રકાશનો (૩) વિવરણો (૪) ટબ્બાઓ (૫) અનુવાદો (૬) વિષય નિર્દેશિકાઓ (૭) ઇતિહાસો (૮) પરિચયાત્મક ગ્રન્થો અને (૯) વિશિષ્ટ લેખો. આપણે આનો ક્રમશઃ વિચાર કરીશું.

**હાથપોથીઓ**:–હાથપોથી, હાથપ્રત અને હસ્તલિખિત પ્રતિ એ એકાર્થક શબ્દો છે. અંગ્રેજીમાં એને મૅન્યુસ્ક્રિપ્ટ (Manuscript) કહે છે. કેટલાક આગમો માટે તાડપત્રીય પ્રતિ મળે છે. બાકી મોટે ભાગે કાગળ ઉપર લખાયેલી હાથપોથીઓ મળે છે. કોઈ કોઇ હાથપોથી સચિત્ર પણ મળે છે. હાથપોથીઓને લગતી કેટલીક બાબતો–વિગતો મેં "The Jaina Manuscripts" નામના મારા [1]લેખમાં વિચારી છે એટલે અહીં આ વાત જતી કરું છું.

આગમોને અંગેની વિવિધ હાથપોથીઓ જે મુંબઈ સરકારની માલિકીની છે તે અત્યારે તો ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં છે. આ હાથપોથીઓનું વર્ણનાત્મક સૂચીપત્ર આ સંસ્થાનું આમંત્રણ મળતાં મેં તૈયાર કર્યું હતું. એ "Descriptive catalogue of the Government collections of Manuscripts (Vol. XVII, pts. 1–3) તરીકે ઉપર્યુક્ત સંસ્થા તરફથી પ્રકાશિત કરાયું છે. આમાં મેં આગમોની અન્યત્ર ઉપલબ્ધ કેટલીક હાથપોથીઓ વિષે નિર્દેશ કર્યો છે મારા સૂચીપત્રમાં નોંધાયેલી હાથપોથીઓની સાથે સાથે કેટલીક બીજી પણ હાથપોથીઓનો ઉલ્લેખ ઈ. સ. ૧૯૪૪માં પ્રસિદ્ધ કરાયેલા જિનરત્નકોશ (વિ. ૧)માં કરાયો છે. આ ઉપરાંત પણ કોઈ કોઇ વ્યક્તિ પાસે પોતાની માલિકીની હાથપોથીઓ છે. વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીના હાથપોથીઓના સંગ્રહનું સૂચીપત્ર "લા. દ. વિદ્યામંદિર" તરફથી થોડા વખત ઉપર બે ભાગમાં છપાવાયું

૧ લેખ "Journal of the University of Bombay" [Arts & Law No. 13 (Vol. VII, pt. 2)]માં છપાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. આમ આજે આગમોની પુષ્કળ હાથપોથીઓ મળે છે, એ કેવળ અભ્યાસાર્થે નહિ પરંતુ સમીક્ષાત્મક સંપાદનો માટે પણ યોગ્ય સામગ્રી પૂરી પાડે છે.

**સંપાદનો**—આગમોના પ્રણયનકાળથી માંડીને કેટલાક સૈકાઓ સુધી આગમો લખવા સામે પ્રતિબંધ હતો. જે કોઈ લખે તે પ્રાયશ્ચિતનો ભાગી ગણાતો. કાલાંતરે આ સ્થિતિમાં પલટો આવ્યો અને આગમોને પુસ્તકારૂઢ કરવાનું ઉચિત જણાતાં તેમ કરાયું. એવી રીતે આગમો છપાવવા સામે એક વેળા વિરોધ કરાતો હતો. આજે તેમ નથી. આ પરિસ્થિતિ સમયની બલિહારી-આવશ્યકતા સૂચવે છે. આગમોનાં પ્રકાશનોની કક્ષા ધીરે ધીરે સુધરતી આવી છે. આનો પણ ઈતિહાસ છે. હવે એમ લાગે છે કે આગમો યોગ્ય સ્વરૂપમાં છપાશે અને આપણને એનાં સમીક્ષાત્મક સંસ્કરણોનો લાભ મળશે. દરમ્યાનમાં જે બન્યું છે તેનો આછો ખ્યાલ મારા ઉપર્યુક્ત અંગ્રેજી વર્ણનાત્મક સૂચીપત્ર ઉપરથી તેમજ જિનરત્નકોશ (વિ. ૧) જેવા સાધનો ઉપરથી મળી રહેશે. વિશેષમાં ત્યારપછીનાં આગમોનાં જાતજાતનાં પ્રકાશનોની સૂચી "જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ" (ભા. ૧–૨) જેવાં સાધનો દ્વારા પ્રાપ્ત થાય છે.

અહીં એ ઉમેરીશ કે જેમ આગમોની ઉપલબ્ધ તમામ હાથપોથીઓની સૂચિ અદ્યાપિ એક પુસ્તકરૂપે તૈયાર કરાવાઈ નથી તેમ આગમોનાં સમસ્ત સંપાદનો માટે પણ એમ જ છે.[૧]

આગમો કાગળ ઉપર જ છપાયા છે અને છપાય છે એમ નથી. એ તો પિસ્તાલીસે આગમો તામ્રપત્રોમાં કોતરાવાયા છે અને એ પૂર્વે એ બધા [૧]શિલારૂઢ પણ કરાયા છે અને સાથે સાથે કાગળ ઉપર પણ છપાવાયા છે. એ કાગળ ઉપરના સંગ્રહનું નામ "આગમરત્નમંજૂષા" છે. (અલબત આજે આ મંજૂષા વેચાતી મળવાનો બહુ જ ઓછો સંભવ છે.) આ સંબંધમાં કેટલીક માહિતી **આગમોદ્ધારકની શ્રુત ઉપાસના** (પૃ. ૧૧૫–૧૧૭)માં અપાઈ છે.

**નૂતન પ્રકાશનો**:-મારૂં ઉપર્યુક્ત વર્ણનાત્મક સૂચીપત્ર કટકે કટકે પ્રકાશિત થાય છે. Vol. XIX, sec. 2 pt. 1 માં અંતમાં મેં **આયાર** (સુયકબંધ ૧). અંગવિજ્જા તેમજ ભાસ અને વિસેસચુણ્ણિ સહિત **નિસીહ** પ્રકાશિત થયાનો ઉલ્લેખ કર્યો છે તેમ Vol. XIX, sec. 2, pt. 1 છપાઈ ગયા બાદ મને "પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી" તરફથી નિમ્નલિખિત બે કૃતિઓ મળી છે તેનો હવે પછી છપાનાર વિભાગમાં હું નોંધ લેનાર છું.

[૧]દેવવાચકકૃત **નન્દિસુત્ત** અને એના ઉપરની [૨]જિનદાસગણિ મહત્તરકૃત ચુણ્ણિ (ચૂર્ણિ). આ ચૂર્ણિ અગાઉ છપાઈ ગઈ છે. તેનું આ વિશિષ્ટ સંસ્કરણ છે. એવા સંપાદનાર્થે મૂળની ત્રણ અને ચૂર્ણિની એક એમ ચાર તાડપત્રીય પ્રતિનો ઉપયોગ વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ કર્યો છે. એની પ્રસ્તાવનામાં મૂળનાં પ્રણેતા દેવવાચક તે જ આગમોને પુસ્તકારૂઢ કરાવનાર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ છે કે કેમ એ બાબતનો અંતિમ નિર્ણય મોકૂફ રખાયો છે. આગમોને અંગેની વીસ ચૂર્ણિઓના અંતમાંના ઉલ્લેખો આપી એ પ્રત્યેક ચૂર્ણિના કર્તા

(અનુસંધાન ટા. પેજ ૪ ઉપર)

૧. આ બે સૂચીમાંથી બીજી તૈયાર થતાં એ આગમો માટેના સંદર્ભગ્રંથ (Bibliography)ના એક અંશની ગરજ સારશે.

૧. આગમોની નિજ્જુત્તિઓ (નિર્યુક્તિઓ) અને **પંચાસગ** ત્રણ સાથે સાથે શિલારૂઢ કરવાયા છે. જ્યારે **પજ્જોસવણા કપ્પ** તામ્રપત્રારૂઢ કરાયેલ છે.

૨. એમણે **નિસીહ**ની રચેલી ચૂણ્ણિને 'નિસીહવિસંસચૂણ્ણિ' કહે છે. આ નામ વિચારતાં મને એમ ભાસે છે કે આ પૂર્વે અન્ય કોઈએ **નિસીહ** ઉપર ચૂણ્ણિ રચી હોય તો ના નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

( અનુસંધાન ટા. પેજ ૩થી શરૂ )

વિષે માહિતી અપાઈ છે. તેમ કરતી વેળા દસવેયાલિયના ચૂર્ણિકાર અગસ્ત્યસિંહનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે. પ્રારંભમાં નન્દિના વિષયાનુક્રમથી અને અંતમાં પાંચ પરિશિષ્ટોથી આ સંસ્કરણ મહત્ત્વનું બન્યું છે. પ્રથમ પરિશિષ્ટ ઉપરથી જણાય છે કે નન્દિમાંના કેટલાંક પદ્યો આવસ્સયની નિજ્જુત્તિની ગાથા સાથે મળતાં આવે છે. એ જો એમાંથી જ ઉદ્ધૃત કરાયાં હોય તો નન્દિની રચના આ નિજ્જુત્તિ પછીની ગણાય. ચૂર્ણિકાર જિનદાસગણિ તો જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પછી થયા છે એ વાત આ ક્ષમાશ્રમણની બે કૃતિઓ નામે વિસેસાવસ્સયભાસ અને વિસેસણવઈની ગાથાઓ જે આ ચૂર્ણિમાં જોવાય છે તે ઉપરથી નિશ્ચિત થાય છે. અત્ર વિસેસણવઈનો વિશેષ ઉપયોગ કરાયો છે. કલ્પભાષ્ય (કપ્પનું ભાસ) પણ કામમાં લેવાયું છે. પંચમ પરિશિષ્ટ વ્યુત્પત્તિઓના અભ્યાસીને ઉપયોગી થઈ પડે તેમ છે. જિનદાસગણિએ આ ચૂર્ણિના અંતમાં પ્રહેલિકારૂપે પોતાનું નામ ગૂંથ્યું છે અને એનો ઉકેલ પણ સૂચવ્યો હોય એમ લાગે છે. આ ઉકેલ—એની ચાવી ઉપર પ્રકાશ પડાયો હોત તો મારા જેવાને નવું જાણવાનું મળત. ચૂર્ણિકારના મતે નન્દિમાં જે પાઠો હોવા જોઈએ તેમાંના કેટલાક આમાં નન્દિમાં મળતા નથી તો મૂળ કૃતિની વિશેષ ગવેષણા થવી ઘટે.

આ સંસ્કરણ સંપાદક મહાશયે આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરિજીને સમર્પણ કર્યું છે. એને અંગે પાઇયમાં પદ્યો એમણે રચ્યાં છે. સાથે સાથે એનો ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે. એમણે પ્રસ્તાવના (પૃ. ૧૩)માં મૂળ અને ચૂર્ણિની ભાષા અંગે "શ્રી હજારીમલ સ્મૃતિ ગ્રન્થ"માં છપાયેલ પોતાનો લેખ નામે "જૈન આગમધર ઔર પ્રાકૃત વાઙ્મય" જોવા ભલામણ કરી છે પરંતુ આ ગ્રન્થ અને તદ્‌ગત લેખ એ બેમાંથી એકે અદ્યાપિ મારા જોવામાં આવ્યો નથી એટલે એ વિષે હું કંઈ કહેતો નથી.

૨ નન્દિસુત્ત અને એની હારિભદ્રીય વૃત્તિ તેમ જ એ વૃત્તિની દુર્ગપદવ્યાખ્યા તથા અજ્ઞાતકર્તૃક વિષયપદપર્યાય.

આ પૈકી મૂળ હારિભદ્રીય વૃત્તિ સહિત પૂર્વે છપાઈ ગયું છે. જ્યારે શ્રી ચન્દ્રસૂરિકૃત દુર્ગપદવ્યાખ્યા તથા વિષય પદ પર્યાય પ્રથમ વાર પ્રકાશિત થયા છે. આ સમસ્ત ગ્રંથના સંશોધક—સંપાદક ઉપર્યુક્ત પુણ્યવિજયજી છે. આમાં પણ અંતમાં પાંચ પરિશિષ્ટો છે. પ્રારંભમાં વિસ્તૃત પ્રસ્તાવના તેમ જ સવૃત્તિક મૂળનો વિષયાનુક્રમ છે. પ્રસ્તાવનામાંથી કેટલીક બાબતો પૈકી છ નીચે મુજબ છે.

(૧) ચૂર્ણિ પ્રમાણે મૂળમાં ૧૧૮ સૂત્રો અને ૮૫ સૂત્રગત ગાથાઓ છે જ્યારે હારિભદ્રીય વૃત્તિ પ્રમાણે એ અનુક્રમે [1]૧૨૦ અને ૮૭ છે. મૂળમાં જણાતી છ ગાથા આ બંનેમાં નથી એટલું જ નહિ પણ મલયગિરિસૂરિકૃત વ્યાખ્યામાં પણ નથી.

(૨) દુર્ગપદ વ્યાખ્યાના કર્તા 'ચન્દ્ર'કુળના ધનેશ્વરસૂરિના શિષ્ય શ્રી ચન્દ્રસૂરિ ( પાર્શ્વદેવગણિ ) છે. એમની વિવિધ કૃતિઓની નોંધ આ સંસ્કરણમાં અપાઈ છે. સાથે સાથે પુહવીચંદચરિયમાં નિર્દેશાયેલા ધનેશ્વરસૂરિ અને શ્રી ચન્દ્રસૂરિ ઉપર્યુક્ત બંનેથી ભિન્ન હોવાનું અહીં કહ્યું છે.

( અનુસંધાન ટા. પેજ ૨ ઉપર )

૧ આ પૈકી વધારાની બે ગાથા તે णेव्वुइ० અને नेरइय० છે.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય—ભાવનગર

For Private And Personal Use Only